R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

(મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ?
હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

ESTD.YEAR- 23•ISSUE: 02 DATE: 12-01-2019•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

## સુપ્રીમ કોર્ટે સરકારના સીબીઆઇ ચીફને સત્તા પરથી દુર કર્યાના નિર્ણયને રદ કર્યો : આલોક વર્મા ફરીથી વડાપદે આરુઢ



સુપ્રીમ કોર્ટે સીબીઆઇ ચીફને સત્તા પરથી દુર કરવાના સરકારના નિર્ણયને રદ કરીને સરકારને ઝાટકો આપ્યો છે.સીબીઆઈના વડાને ફરીથી કાર્યરત કર્યા છે.સુપ્રીમે વર્માને રાતોરાત તેમની સત્તાઓ આંચકીને તેમને રજા પર ઉતારી દેવાના કેન્દ્ર ના નિર્ણયને રદ કરી દીધો હતો.આલોક વર્મા અન તેમના ડેપ્યુટી રાકેશ અસ્થાના વચ્ચે ભ્રષ્ટાચારના આક્ષેપો બાદ કેન્દ્રે આ પગલું ભર્યુ હતું.જો કે વર્માને સત્તાની સોપણી બાદ પણ કોર્ટે તેમની પાંખો કાપી નાંખી છે.જ્યાં સુધી સીબીઆઇ પસંદગી સમિતિ સત્તાની સોપણી ના મુદ્દે વિચારણા ન કરે ત્યાં સુધી વર્મા કોઇ મહત્વના નીતિ વિષયક નિર્ણયો લઇ શકશે નહીં.જો વર્માનો બે વર્ષનો કાર્યકાળ ૩૧મી જાન્યુઆરીએ પુરો થશે.કમિટીને એક અઠવાડીયામાં મળવાની સુચના આપી કોર્ટે કહ્યુ છે કે સેન્ટ્રલ વિજિલન્સ કમિશન તેમની સામે ભ્રષ્ટાચારના આરોપોમાં તપાસ કરી રહી છે.તેથી વર્માને આવરી લેતા મામલાની વિચારણા માટે પેનલનો વિકલ્પ ખુલ્લો રાખ્યો છે.કમીટીમાં વડાપ્રધાન મોદી,ચીફ જસ્ટીસ ગોગોઇ અને લોકસભાના વિરોધ પક્ષના નેતા ખડગેનો સમાવેશ થાય છે.સીબીઆઈ ડિરેક્ટરના સન્પેન્સન અથવા હાંકી કાઢવાના મામલે કાયદામાં કોઈ જોગવાઈ નથી.તેવી સ્પષ્ટતા કરતાં પસંદગી સમિતિની મંજુરીથી આવો કોઇ નિર્ણય લઇ શકાય છે.કોગ્રેસ અને અન્ય વિરોધ પક્ષોએ સુપ્રીમ કોર્ટના નિર્ણયને આવકાર્યો છે.જો કે વર્માએ સત્તા સંભાળ્યા બાદ તેમના અન્ય સાથી કાર્યકરોની રાતોરાત કરવામાં આવેલી બદલીઓ રદ કરી નાંખી હતી.

સીબીઆઇ વિરુધ્ધ સીબીઆઇ કેગસમાં ૪૪ પાનાનો ચુકાદો આપતાં ચીફ જસ્ટીસ રંજન ગોગોઇના વડપણ હેઠળની ત્રણ જજની બેન્ચે વર્માની સત્તાઓ આંચકીને સીબીઆનઈી કામગીરી પર દેખરેખ રાખવાની સત્તા જોઇન્ટ ડિરેક્ટર એમ.નાગેશ્વર રાવને સોપી દેવાના ૨૩ ઓક્ટો.૨૦૧૮ના રોજના સીવીસી અને ડીપાર્ટમેન્ટ ઓફ પર્સોનલ એન્ડ ટ્રેઇનીંગના આદેશોને રદબાતલ કરી દીધા છે.જસ્ટીસ એસ કે કોલ અને કે એમ જોસેફની બનેલી બેન્ચે કહ્યુ હતું કે અમને આ આદેશ આપતાં યોગ્ય લાગે છે કે સીબીઆઇના ડિરેક્ટરપદે આરુઢ થયા બાદ વર્માએ કમિટિનો નિર્ણય ન આવે ત્યા સુધી મહત્વના નીતિવિષયક નિર્ણયો નહીં લઇ શકે.

## ભાજપ ઇવીએમ સાથે ગઠબંધન કરે છે એટલે એકલા હાથે ચુંટણી લડી શકે : શિવસેના

આગામી લોકસભાની ચુંટણી અગાઉ શિવસેના અને ભાજપ વચ્ચે વાકયુધ્ધ જારી છે. ભાજપના અધ્યક્ષ અમિત શાહના નિવેદન અંગે વળતો પ્રહાર કરીને શિવસેનાએ કહ્યુ હતું કે ચુંટણી પુર્વે ગઠબંધન વિશે ભાજપ પ્રમુખના નિવેદનથી એ સ્પષ્ટ છે કે તેમને હિદુત્વમાં વિશ્વાસ ધરાવતા લોકો સાથે કામ કરવામાં રસ નથી.ભાજપને ઈવીએમ પર ભરોસો છે.અનો તેની સાથે ગઠબંધન કરશે.તેથી શિવસેનાએ એકલા હાથે જ ચુંટણી લડવા તૈયાર છે.

એનડીએના સૌથી જુના સાથીપક્ષ શિવસેનાએ સ્પષ્ટ કર્યુ હતું કે ભાજપનું વલણ સારુ નથી. અમિત શાહે મહારાષ્ટના લાતુરમાં શિવસેનાનું નામ લીધા વિના ચેતવણી આપી હતી ખે જો ગઠબંધન થાય છે તો પાર્ટી પોતાના સહયોગી દળોની જીત સુનિશ્ચિત કરશે. અને જો એનું ન બને તો પાર્ટી આગામી લોકસભાની ચુંટણીમાં પોતાના પુર્વ સહયોગીઓને કારમો પરાજય આપશે.

શિવસેનાના પ્રવક્તા એક નિવેદનમાં જણાવ્યુ હતું કે અમિત શાહના ઉશ્કેરણી જનક નિવેદને તેમની અને પાર્ટીની વિચારસરણી સામે લાવી દીધી છે. શિવસેનાએ કહ્યુહતું કે ભાજપ હિદુત્વમાં વિશ્વાસ રાખતા લોકોને ઈચ્છતી નથી.

ઉલ્લેખનીય છે કે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડવનીશે ભાજપ કાર્યકર્તાઓને રાજ્યની ૪૮ લોકસભા સીટોમાંથી ૪૦ પર જીત મેળવવાનું લક્ષ્ય આપ્યું છે.આ પહેલા અમિત શાહે મરાઠાવાડમાં ભાજપના બુથ સ્તરના કાર્યકર્તાઓને સંબોધિત કર્યા



હતા.આ દરમિયાન ભાજપ અધ્યક્ષે કહ્યુ હતું કે પાર્ટી કાર્યકર્તાઓએ ગઠબંધનની સંભાવનાના ભ્રમથી દુર રહેવું જોઈએ.

જો કે બોઉ પક્ષોના આપસી ભડકાઉ નિવેદનોને કારણે કાર્યકર્તાઓને મુઝવણ પેદા થઈ છે.

## સવર્ણ ગરીબો માટે ૧૦ ટકા અનામત : લોકસભાની ચુંટણી પહેલાં મતદારોને આર્કષવાનો એક કીમીયો

અનામતની જોગવાઈ ૫૦ ટકાથી વધી શકે નહીં તેવો કાનુનના જાણકારોનો મત છે. અને આવા કેસો સુપ્રીમ કોર્ટમાં ટકી શકે તેમ હોતા નથી.કાયદાના જાણકાર અને સુપ્રીમ કોર્ટના વકીલ એમ.એલ.લાહોરી માને છે કે ૧૯૯૨માં ઈન્દીરા શાહની જજમેન્ટ પ્રમાણે કોઇપણ સરકાર ૫૦ ટકાથી વધુ અનામત આપી શકે નહીં. તે વખતે સુપ્રીમ કોર્ટની ૯ જજોની બેન્ચે ઐતિહાસિક નિર્ણય આપીને કહેલું કે અનામતની મર્યાદા ૫૦ ટકાથી વધી શકે નહીં.સુપ્રીમ કોર્ટે કહેલું કે સંવિધાનના અનુચ્છેદ ૧૬(૪) પ્રમાણે પછાતપણાનો અર્થ સામાજિક પછાતપણું છે. શૈક્ષણિક તેમજ આર્થિક પછાતપણું એક કારણ હોઈ શકે છે.પણ અનુચ્છેદ ૧૬(૪)માં સામાજીક પછાતપણાની જ વાત કરવામાં આવેલી છે.અગાઉ રાજ્ય સરકારો દ્વારા અનામતની મર્યાદા ૫૦ ટકા ક્રોસ કરી ગઇ ત્યારે સુપ્રીમે તેને રદ કરી નાંખી હતી.રાજસ્થાન સરકારે પણ સ્પેશિયલ બેકવર્ડ ક્લાસની મર્યાદા ૫૦ ટકાથી પાર કરી દીધી હતી. ડિસેમ્બર ૨૦૧૪માં સુપ્રીમ કોર્ટે બોમ્બે હાઈકોર્ટના આદેશમાં હસ્તક્ષેપ કરવાનો ઈન્કાર કર્યો હતો જેમાં મરાઠાઓને નોકરીઓ અને શિક્ષણમાં અનામત માટે મહારાષ્ટ્રની સરકારે ૧૬ ટકા અનામતની જોગવાઈ રદ કરી દીધી હતી.

સંવિધાનના અનુચ્છેદ ૧૬ અન્વયે સમાનતાની અને સૌને સમાન અવસરની વાત છે.બંધારણના મુળ માળખાનો આ એક ભાગ છે. જો ૫૦ ટકાથી વધુ અનામત થઈ જાય તો બંધારણની આ કલમ સુધારવી પડે. જો તેમ કરવું હોય તો બંધારણની ૯મી અનુસુચિમાં અનામતની જોગવાઈને રાખીને તેને ન્યાયિક ચકાસણીમાંથી પસાર થતી બચાવી શકાય. જો કે તોપણ આ મામલો ન્યાયિક ચકાસણીની બહાર રહી શકતો નથી.વાસ્તવમાં ૯મી અનુસચિમાં રાખીને કોઇ કાયદો બનાવી શકાય નહી.ન તો તેમાં સુધારો કરી શકાય જે મુળ માળખાને નુકશાન કરતો હોય. કેશવાનંદ ભારતી સબંધિત કેસમાં સુપ્રીમ કોર્ટના ૧૩ જજોની બંધારણીય બેન્ચે બંધારણના મુળ માળખામાં છેડછાડ ન થઇ શકે તેવો ચુકાદો આપ્યો છે.

જો કે આ તમામ બાબતોને બાજુ પણ રાખીને ૨૦૧૯માં આવનારી લોકસભાની ચુંટણીણાં મોદી સરકારે દેશના આર્થિક રીતે ગરીબ એવા સવર્ણ સમુદાય માટે ૧૦ ટકા અનામતનો નિર્ણય લીધો છે.સરકારી નોકરીઓ તેમજ ઉચ્ચ શિક્ષણ સંસ્થાનોમાં પ્રવેશ માટે સવર્ણ ગરીબ વર્ગના લોકોને આ અનામતોનો લાભ આપવામાં આવશે. અને તેના થકી બંધારણમાં જરુરી સુધારા કરવામાં આવશે.સર્વણ ગરીબો માટેની અનામતમાં એસસી,એસટી કે ઓબીસી અનામતની જેમ જાતિ-જ્ઞાતિની કોઇ કેટેગરી નહીં હોય અને આવકના જ સ્ત્રોત ધ્યાનમાં રાખીને ક્વોટા નક્કી કરાશે.

તાજેતરમાં પાંચ રાજ્યોની વિધાનસભાની ચુંટણીઓમાં ભાજપને મળેલા પરાજય બાદ તેમને લોકસભાની ચુંટણીઓમાં ૨૦૧૪ની જેમ વિજય મળે તેમ નથી તેવું લાગતા આવા અવનવા દાવ ખેલવાનુ શરુ કર્યુ છે.સર્વણ અનામત આર્થિક આધાર પર સરકાર લાવી રહી છે જેથી અત્યારે બંધારણમાં વ્યવસ્થા જ નથી.જો કે સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ કેટીએસ તુલસીએ સરકારના આ નિર્ણયને સામાન્ય જનતાને મુર્ખ બનાવતો નિર્ણય ગણાવ્યો છે.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

સુપ્રીમ કોર્ટે સીબીઆઇના ચીફ આલોક વર્માને સરકારના ફરજીયાત રજા પર ઉતારી દેવાના નિર્ણયને બહાલ નહી રાખતાં કોર્ટે તેમને પુનઃ નિયુક્ત કરવાનો આદેશ આપ્યો હતો.જો કે સુપ્રીમ કોર્ટે પુનઃ નિયુક્તિની સાથે સાથે કેટલીક શરતો પણ લાદી હતી અને વર્માને સત્તા પર આરુઢ કરાયા હતા. સરકાર સાથે અને તેમના સહ કાર્યકર રાકેશ અસ્થાના સાથે થયેલા કેટલાક ગંભીર આક્ષેપોને કારણે કોર્ટમાં કેસો દાખલ થયેલા હતા તેના કારણે સરકાર અને વર્મા વચ્ચે યુધ્ધ જારી રહેશે તેવા સંકેતો મળ્યા હતા.પરંતુ સરકાર તરફથી વર્માને તાત્કાલિક હાંકી કઢાશે તેવો નિર્ણય લેવાશે તેવું મનાતુ નહોતું.વડાપ્રધાન મોદીની અધ્યક્ષતામાં જસ્ટીસ એ.કે.શિકરી અને કોંગ્રેસના નેતા મલ્લિકાર્જુન ખડગેની બનેલી સિલેક્શન કમિટિએ ૨-૧ વોટથી વર્માને તેમના સ્થાનેથી હાંકી કાઢ્યા હતા.૧૯૭૯ બેચના આઇપીએસ અધિકારી વર્માને ભ્રષ્ટાચારના આરોપો અને ફરજમાં બેજવાબદાર રહેવાના કારણો આપીને તેમના હાઇપ્રોફાઇલ પદ પરથી હટાવી દેવાયા હતા.સીબીઆઇના વડાને આ રીતે હટાવી દેવાયા હોય તેવી સંસ્થાના ઇતિહાસમાં ૫૫ વર્ષમાં પ્રથમ ઘટના બની છે.વર્માની સીબીઆઇના વડા તરીકેની મુદ્દત ૩૧મી જાન્યુઆરી,૨૦૧૯ સુધીની હતી.તેથી થોડાક દિવસો તેમને નિવૃત થવાના બાકી હતા તો તે પહેલાં તેમને પદપરથી નિવૃત કરી દેવા માટે શા કારણો જવાબદાર છે તે જાણવા માટે સહુ કોઇ તત્પર છે પરંતુ તે કારણો કદાચ બહાર આવશે કે કેમ તે શંકાસ્પદ છે.વધુમાં તેમનો સીબીઆઇ વડા તરીકેનો પદભાર લઇ લેવાયો અને પાછી બીજી એક ભુલ પણ સરકારે કરી કે તેમને ફાયર સર્વીસ સિવિલ ડિફેન્સ અને હોમગાર્ડના ડિરેક્ટર જનરલનો હવાલો આપવામાં આવ્યો જેનો વર્માએ કાયદાની રીતે સ્વીકારવાનો ઇન્કાર કર્યો.વર્માની બાબતે સરકારે અનેક ભુલો કરી છે પરંતુ ઉતાવળે કરાતી ભુલો પાછળ કંઇક એવું મોટુ કારણ જવાબદાર છે તેવો અંદેશો આવી રહ્યો છે.

સિલેક્શન કમિટિમાં પીએમ મોદી, જસ્ટીસ સીકરી એ ખડગે વચ્ચે વર્માના કેસ અંગે લાંબી ચર્ચાઓ થઇ અને ખડગેએ વર્માને તેમનો પક્ષ સાંભળવાની તક આપવી જોઇએ તેવી દલીલો પણ કરી જો કે તેની સાથે પીએમ અને જસ્ટીસ સીકરી સંમત થયા નહી અને ૨-૧ વિરુધ્ધનો નિર્ણય જારી કરીને વર્માને પાણીચું અપાઇ દેવાયું.ખડગેએ પેનલના નિર્ણય સામે વાંધો લીધો પરંતુ તે ચાલ્યો નહીં.વર્માને સુપ્રીમના ચુકાદા બાદ પદ પરથી બે દિવસની અંદર જ હકાલપટ્ટી કરવામાં આવી.વર્માને સજા ન કરવા માટે ખડગેની અપીલ માન્ય રાખવામાં આવી નહીં. એ સુચવે છે કે સરકારે આ બાબતે પાકો નિર્ણય પહેલાંથી કરી લીધો હશે.

કેટલાક અહેવાલો પ્રસિધ્ધ થયા મુજબ જ્યારે સીબીઆઇના વડાને રજા પર ઉતારી દેવાયા તે મધ્યરાત્રીએ સીબીઆઇની ઓફિસ પર પડાયેલા દરોડામાં કેટલીક અગત્યની ફાઇલો સરકારે કબજે કરી લીધી હતી કદાચ એવું પણ બને કે આ ફાઇલો સરકાર વિરુધ્ધ નિર્ણાયક સાબિત થઇ શકે તેમ પણ હોઇ શકે.કહેવામાં આવી રહ્યું છે કે રાફેલ વિવાદ બાબતે કેટલાક સત્યો સીબીઆઇએ મેળવ્યા હતા જે સરકારની વિરુધ્ધમાં જઇ શકે તેમ હતાં.

ટુંકમાં સીબીઆઇના કારણે રાજકીય સંકટ ઉભુ થયું છે તેમાં કોઇ બેમત નથી.રાજકીય આલમમાં આ બાબતે સોપો પડી ગયો છે. સુપ્રીમ કોર્ટે કરેલી ટકોર મુજબ સરકારી પોપટ સીતારામને બદલે બીજું કંઇક બોલવા લાગ્યો અને પરિણામે પોપટને શાંત કરવા માટે તેના ઉપાયો કરવામાં આવ્યા.૨૦૧૯માં આવનારી ચુંટણીઓમાં ભાજપ પાસે ઉજળી તકો નથી અને એમાં જો સીબીઆઇ દ્વારા કૌભાંડો બહાર પડે તો સરકાર માટે આફતો પેદા થઇ શકે છે.તેથી સરકારને બહાર અને અંદર બેઉ બાજુથી ભારે સંકટોનો સામનો કરવો પડે તેમ હોવાથી ઝડપથી પગલાં ભરવાની શરુઆત કરી દેવાઇ છે.છીંડા અને ભુલો છે જે વધુને વધુ સંકટો પેદા કરશે પરંતુ સરકારી વકીલો તેમના કાવાદાવાથી બધુ સમુસુતરે પાર ઉતારવાની કોશીશ કરશે.


## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

## ગ્લોરી કેટરીંગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ. શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્ક: એ એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


# સબરીમાલાના અયપ્પા મંદિરમાં રજસ્વલા મહિલાઓના પ્રવેશના વિરોધમાં જમણેરી હિન્દુ જુથો દ્વારા ચારેકોર હિંસક બનાવોથી કેરળ વોરઝોનમાં ફેરવાયું

કેરળના સબરીમાલાના અયપ્પા મંદિરમાં રજસ્વલા સ્ત્રીઓને પ્રવેશ આપવાના મામલે કેરળમાં તનાવની સ્થિતિ છે.મંદિરમાં બે સ્ત્રીઓના પ્રવેશ પછી કેરળ વોરઝોનમાં ફેરવાઇ ગયું છે.જમણેરી હિંદુ સંગઠનો દ્વારા આપવામાં આવેલા હડતાલના એલાન દરમિયાન ક્રુડ બોમ્બ ફેકવાના, પથ્થરમારાના અને આગજનીના અસંખ્ય બનાવો બન્યા હતા.કેરળની શેરીઓમાં આ સંગઠનના લોકો ફરી વળ્યા હતા.અને પોલીસ તેમજ તેમના રાજકીય હરિફ પાર્ટીઓના કાર્યકરો સાથે સીધી અથડામણમાં ઉતર્યા હતા. હડતાલ દરમિયાન રાજ્યભરમાં સ્થિતિ તનાવપુર્ણ અને હિંસાની વ્યાપક ઘટનાઓ,પથ્થરમારા અને આગજનીની કારણે રાજ્યમાં જનજીવનને ભારે અસર પહોચી હતી.કર્મ સમિતિ અને આંતરાષ્ટ્રીય હિંદુ પરિષદ નામના હિંદુ સંગઠને આપેલા ૧૨ કલાકના બંધ દરમિયાન એક વ્યક્તિને પથ્થરમારાથી ઇજા પહોચી હતી અને જેનુ પાછળથી મોત નિપજ્યું હતું. સુપ્રીમ કોર્ટે આપેલા ચુકાદાને જમણેરી સંગઠનોએ નહી માનવા માટે થઇને જંગ છેડ્યો છે. જ્યારે કેરળ સરકાર સુપ્રીમના ચુકાદાને અમલમાં મુકવા માટે મક્કમ છે.બે મહિલાઓએ મંદિરમાં પ્રવેશમાં સફળતા મેળવી હતી. જેના પછી મંદિર બંધ કરાયું હતું અને તેનું શુધ્ધિકરણ પણ કરવામાં આવ્યું હતું. આ ઘટનાથી નારાજ કેરળના મુખ્યમંત્રીએ મંદિરના મુખ્ય પુજારીને ચીમકી આપી હતી કે સુપ્રીમ કોર્ટનો ચુકાદો માનવો ના હોય તો મંદિરના પુજારીએ પોતાનું પદ છોડી દેવું જોઇએ.

# ચુંટણી પહેલાં રાહુલ,સોનિયાને સકંજામાં લેવાની ભાજપની કોશીશઃ શિવસેના

ઓગષ્ટાવેસ્ટલેન્ડ ડીલમાં કથિત દલાલ ક્રિશ્ચિયન મિશેલના દાવાના આધારે આગામી લોકસભા ચુંટણી પુર્વે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને સોનિયા ગાંધીને સકંજામાં લેવાની કોશીશ ભાજપ દ્વારા કરાઇ રહી છે તેવો આક્ષેપ શિવસેનાએ કર્યો હતો.કેન્દ્ર અને મહારાષ્ટ્રમાં ભાજપની સહયોગી પાર્ટી શિવસેનાએ આરોપ લગાવ્યો હતો કે રાજકીય વિરોધીઓ સામે સરકારી તંત્રનો દુરુપયોગ કરાઇ રહ્યો છે.આગસ્ટાવેસ્ટલેન્ડ વીવીઆઇપી હેલીકોપ્ટર મામલાની સુનાવણી કરી રહેલી દિલ્હીની એક કોર્ટે ઇડીએ અટકાયત કરેલા મિશેલને પોતાના વકીલને મળવા પર પ્રતિબંધ મુક્યો હતો. કોર્ટે આ પગલું ત્યારે ભર્યું કે જ્યારે એજન્સીએ કહ્યુ કે મિશેલ કાનુની સુવિધાનો દુરુપયોગ કરતાં વકીલને માહીતી આપી અને શ્રીમતી ગાંધી સબંધિત પ્રશ્નોના ઉકેલ માટે સલાહ માંગી રહ્યો હતો. શિવસેનાએ આરોપ લગાવ્યો હતો કે જ્યારે મિશેલનું દુબઇથી પ્રત્યાર્પણ થયું ત્યારે પાંચ રાજ્યોની ચુંટણીનો પ્રચાર ચાલી રહ્યો હતો.અને ભાજપ ખુદ પરેશાન હતો.

ભાજપ જે રીતે ચુંટણીમાં ધોબી પછાડ ખાઇ ચુક્યો છે તેથી હવે તેમના વિરોધીઓ સામે ગમે તે પ્રકારે કાનુની દાવપેચ રમીને તેમજ સરકારી એજન્સીઓનો ઉપયોગ કરીને પોતાની મતબેંક મજબુત કરવાના પ્રયાસોમાં લાગી ગયું છે.૨૦૧૯માં કપરા ચઢાણનો સામનો કરવાનો છે તે નિશ્ચિત છે.



ભાજપની સમર્થન આપતી અને સમર્પિત વિવિધ ચેનલો અને પ્રકાશનો દ્વારા ગેરસમજો ફેલાવતાં ફેક ન્યુઝોની પણ ભરમાર ચાલી છે.જે યનકેન પ્રકારે ચુંટણીઓ પર પ્રત્યક્ષ કે પરોક્ષ અસરો પેદા કરી શકે છે.શિવસેના સાથી પક્ષહોવા છતાં ભાજપનો ઉધડો લે છે.

# સોહરાબુદ્દીન શેખ એન્કાઉન્ટર કેસમાં તમામ આરોપીઓ નિર્દોષ : આરોપો સાબિત થઇ શકે તેવા પુરાવાઓ નથી,માર્યા ગયેલાઓ પ્રત્યે જજની દિલગીરી

સોહરાબુદ્દીન શેખ, કૌસરબીબી અને તુલસી પ્રજાપતિના કથિત બનાવટી એન્કાઉન્ટર કેસમાં સીબીઆઇની ખાસ કોર્ટે ૧૩વર્ષ બાદ આપેલા ચુકાદામાં તમામને નિર્દોષ છોડી મુકવાનો આદેશ કર્યો હતો.કોર્ટે અપુરતા પુરાવાનું કારણ ધરીને તમામ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા હતા.૨૨માંથી ૨૧ આરોપીઓ ગુજરાત અને રાજસ્થાન પોલીસ અધિકારીઓ છે.સીબીઆઇનું કહેવું હતું કે તેઓ સોહરાબુદ્દીન,કૌસરબી અને તુલસી પ્રજાપતિનું અપહરણ કરીને તેમને બનાવટી એન્કાઉન્ટર્સમાં મારનારા ટીમના ભાગ હતા. આ સાથે જ સમગ્ર દેશ અને ખાસ કરીને ગુજરાત માટે આ અત્યંત ચકચારી કેસના તમામ આરોપીઓ મુક્ત થઇ ગયા છે.

સીબીઆઇ જજ શર્માએ કહ્યુ હતું કે આ ઘટનામાં ત્રણ જીવ ગયા હતા. તેને કારણે કોર્ટે શેખ અને પ્રજાપતિ પરિવાર પ્રત્યે દિલગીરી વ્યક્ત કરી હતી.સિસ્ટમ એવી છે કે કોર્ટે પુરાવા પર આધાર રાખવો પડે. મજબુત કેસ સાબિત કરવામાં પ્રોસિક્યુશન નિષ્ફળ નિવડ્યું છે.શેખ અને અન્યને મારી નંખાયા છે જે હકીકત છે.તેનો ઇન્કાર થઇ શકે તેમ નથી.જજે કહ્યુ હતું કે હું લાચાર છું. આ કેસમાં જેટલા પુરાવા અને સાક્ષીઓની જુબાની લેવામાં આવી છે તે સંતોષકારક નથી.તેમજ આ કોઇ કાવતરુ નથી તેમજ બોગસ એન્કાઉન્ટર હતું તેવું પુરવાર કરવાના કોઇ સંયોગિક પુરાવા મળ્યા નથી.કોઇ સાક્ષીઓ ફરી જાય તો તેમાંકશું થઇ શકે નહી.




વિનંતી તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332

## પોક્સો એક્ટના સંશોધનોને કેન્દ્રની બહાલી : બાળક સાથે દુષ્કર્મ કરનારને હવે ફાંસી થશે

સરકારે ૧૮ વર્ષથી ઓછી વયના બાળકો સાથે જાતીય હુમલાની ઘટનાને અટકાવવા માટે પોક્સો કાયદાને અત્યંત આકરા બનાવી દીધા છે.જેમાં મોતની સજાને પણ સામેલ કરાઇ છે.કેબિનેટની બેઠકમાં આકરા ફેરફારોને મંજુરી આપી દેવાઈ છે.હવે નાના બાળકો સાથે રેપના કેસમાં આરોપીને મોતની સજા સુધીની જોગવાઈ કરાઇ છે.વડાપ્રધાન મોદીના અધ્યક્ષપદે કેન્દ્રીય મંત્રીમંડળે તેને મંજુરી આપી દી ધી છે.આ અંગેની જાહેરાત કેન્દ્રીય કાયદા મંત્રી રવિશંકર પ્રસાદે કરતાં જણાવ્યુ હતું કે પોક્સો એક્ટમાં મોટા ફેરફારો કરવામાંઆવી રહ્યા છે. બાળકો પર જાતીય હિંસા માટે દંડનું પ્રમાણ વધારી દેવાયું છે.બાળકોને આવા હુમલાથી બચાવવા માટે આ ક્વાયત હાથ ધરાઈ છે.

સરકારે ધ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફિન્સિઝ(પોક્સો) એક્ટની વિવિધ કલમોમાં સુધારાને બહાલી આપી છે. બાળકો સામે જાતીય હિંસાના દુષણોને યોગ્યરીતે ડામી દેવાય તે માટે પોક્સ એક્ટ ૨૦૧૨ની આ કાયદામાં ૧૮થી ઓછી વયની કોઈપણ વ્યક્તિને બાળક તરીકે ગણવામાં આવશે.તે લિંગ-તટસ્થતાનો કાયદો છે. ચાઈલ્ડ પોર્નોગ્રાફીના દુષણને દુર કરવા માટે પોક્સો એક્ટ, ૨૦૧૨ી કલમો ૧૪ અને ૧૫માં પણ સુધારાની દરખાસ્ત કરાઈ છે. આ એક્ટ બાળકોને જાતીય સતાવણી,જાતીય હુમલા અને પોર્નોગ્રાફી જેવા ગંભીર ગુનાઓથી સુરક્ષા આપે છે.

## ઓસ્ટ્રેલીયાના મેલબોર્ન ખાતે રમાઇ રહેલી ભારત વિરુધ્ધની ત્રીજી ટેસ્ટમાં ભારતે વિજય મેળવ્યો

ઓસ્ટ્રેલીયાના મેલબોર્ન ખાતે ભારત અને ઓસી વચ્ચે રમાઈ રહેલી ત્રીજી ટેસ્ટ મેચમાં ભારતનો વિજય થયો હતો. જેમાં ભારતના ઝડપી બોલર જસપ્રીત બુમરાહની બોલિંગે કમાલ કરી હતી.બેઉ ઈનીંગ્સમાં થઈને ૯ વિકેટે ઝડપવા સાથે તેણે વિક્રમ પણ નોધાવ્યો હતો. ૨૦૧૮ની સાલમાં ભારત તરફથી જસપ્રીત બુમરાહ,મો.શામી અને ઈશાંત શર્માની ઝડપી બોલરોની ત્રિપુટીએ સૌથી વધુ વિકેટો ઝડપવાનો વિક્રમ પણ નોધાવ્યો હતો. વિદેશની ધરતી પર વિજય મેળવવો એ ભારતની ટીમ માટે મહત્વનું લેખાય છે.તેમાંય ઓસ્ટ્રેલીયાને તેમની ધરતી પર ઝડપી વિકેટો પર હરાવવી મુશ્કેલ કામ છે.જો કે છેલ્લા કેટલાક વર્ષોમાં ભારત માટે હવે ઝડપી બોલરો પેદા થયા છે નહિતર ભારત માત્ર સ્પીનરોના આધારે જ મેચો જીતી છે.વિરાટ કોહલી અને ચેતેશ્વર પુજારાએ બેટિગમાં સારુ પ્રદર્શન કરીને મેચને પોતાની તરફેણમાં લાવવનો જશ પર આપવો પડે.

### જાણવા જેવું

મધ્ય અમેરીકા અને વેસ્ટ ઈન્ડીઝમાં બાલસા નામના ઝાડનું લાકડું બુચ કરતાંય વજનમાં હલકું હોય છે.

બ્રિટનની વિમાની ક્લબમાં ક્રેઈગ બાવર્સ નામનો,પાંચ વર્ષની ઉંમરનો પાયલટ હતો.

ગ્લાસગોના ગાર્ડન સ્ટીવર્ટના બંને પગ અકસ્માતમાં કપાઈ ગયા હતા.છતાં ગીચ રસ્તાઓમાં તે સાઈકલ ચલાવતો હતો.

ડચ કવિ જીન ડી સાનિયલે ઝાડના થડમાં કવિતા કોતરીને લખી હતી.


**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


## રફાલના ચુકાદા અંગે ફેરવિચારણા કરવા સુપ્રીમ કોર્ટમાં અરજી કરાઇ

દેશમાં રફાલના મુદ્દે સરકાર અને વિપક્ષ વચ્ચે આમનો-સામનો આક્ષેપબાજી ચાલુ છે.આ દરમિયાન પુર્વ કેન્દ્રીય મંત્રી યશવંતસિંહા અને અરુણ શૌરીએ તથા વરિષ્ઠ વકીલ પ્રશાંત ભુષણે રફાલ મુદ્દે ૧૪ ડિસેમ્બરે આપેલા સુપ્રીમ કોર્ટના ચુકાદાની ફરી સમીક્ષા કરવા અંગે અરજી દાખલ કરવામાં આવી છે.સુપ્રીમ કોર્ટે પોતાના ૧૪મી ડિસેમ્બરના ચુકાદામાં ફ્રાંસથી ૩૬ રફાલ વિમાન ખરીદવાની પ્રક્રીયામાં ગરબડીના આરોપ લગાવનારી તમામ જાહેરહિતની અરજી ફગાવી દીધી હતી.હવે અરુણ શૌરી અને યશવંતસિંહા અને પ્રશાંત ભુષણે ફેરવિચારણાની અરજીમાં ત્રણ આરોપ લગાવ્યા છે કે ચુકાદો સરકાર દ્વારા હસ્તાક્ષર વગરના સીલબંધ કવરમાં સોપેલા ખોટા દાવા આધારિત હતો.તેમણે આ અરજીમાં કહ્યુ હતું કે આ સુનાવણી ઓપન કોર્ટમાં કરવાની વિનંતી છે.કોગ્રેસનું કહેવું છે કે સફાલ વિમાન ડીલ ફ્રાંસ સાથે કરાઈ છે. આ વિમાન ઉંચી કિંમતે ખરીદાયા છે.

### જાણવા જેવું

મનુષ્યના ફેફસામાં ૩૦૦ અરબ જેટલી રક્તવાહીનીઓ છે.

ટોમ સોયરે નવલકથા લખવા માટે પહેલીવાર ટાઈપરાઈટર નો ઉપયોગ કર્યો હતો.

નાઈલ નદી ૬૬૯૦ કી.મી.ની લંબાઈ ધરાવે છે.

જે મહીનાની પહેલી તારીખે રવીવાર હોયતે મહીનાઓમાં ૧૩ મી તારીખે શુક્રવાર જ આવતો હોય છે.

વીડીયો ટેપ અને વીડીયોરેકોર્ડર ની શોધ ૧૯૫૬મા થઈ હતી.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧ ,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨


## આંધ્ર,બંગાળ અને હવે છત્તીસગઢમાં સીબીઆઇને મળેલી મંજુરી પાછી ખેચાઇ

આંધ્રપ્રદેશ,પશ્ચિમ બંગાળ બાદ કોગ્રેસની આગેવાની હેઠળના રાજ્ય છત્તીસગઢે પણ રાજ્યમાં કેસોમાં તપાસ માટે સીબીઆઈને મળેલી સામાન્ય મંજુરી પાછી ખેચી લીધી છે તેમ જણાવાયું હતું.જો કે સામાન્ય સંમતિ પાછી ખેચવાથી સીબીઆઈ દ્વારા તપાસ કરવામાં આવી રહેલા કેસો પર તેની કોઈ અસર પડશે નહીં.સીબીઆઈના વડાની હકાલપટ્ટી બાદ છત્તીસગઢે આ નિર્ણય લીધો હતો.

છત્તીસગઢના મુખ્યમંત્રી બુધેલની આગેવાની હેઠળની સરકારે કેન્દ્રીય ગૃહમંત્રાલયને હવે રાજ્યમાં સીબીઆઈને કેસો બાબતે સુચના ના આપે તેવું જણાવ્યુ હતું.

## પુરુષોને ૭૩૦ દિવસની ચાઇલ્ડ કેર લીવ મળશે

બાળકોની સંભાળ માટે વર્કિંગ વુમનને અત્યારે સ્પેશીયલ લીવનું પ્રોવિઝન છે.જો કે હવે આ જ રીતે પુરુષો પણ તેમના બાળકોની સંભાળ માટે આવી રજા લઈ શકશે.જો કે સિંગલ ફાધર માટે જ આ માન્ય ગણાશે.આ મુજબ પુરુષ કર્મચારીઓને ૭૩૦ દિવસની રજા તેમની સંપુર્ણ સર્વીસ પિરિયડ દરમિયાન બાળકોની સંભાળ માટે મળશે.સીસીએલ સિવાય, હમણાં મહિલાઓને ૧૮૦ દિવસની પેડ લીવ પણ મળે છે.તો પુરુષો પણ આ અંગે ૧૫ દિવસની રજાઓ માટે ક્લેમ કરી શકશે.૭માં પગાર પંચે સિંગલ પિતા તરીકે બાળકોની જવાબદારી સંભાળવા અને તેમની દેખરેખ રાખવા માટે કર્મચારીઓને રાહત આપવા પ્રયાસો કર્યા હતા. કેન્દ્ર સરકારે સિંગલ પિતાને પણ ચાઈલ્ડ કેર લીવ આપવા માટેની ભલામણ પર મંજુરી આપી નોટિફિકેશન જારી કર્યું હતું.

## નાતાલ સમયે કોમવાદી તત્વોનો ચર્ચ પર હુમલો

નાતાલ પર્વ નિમિત્તે મહારાષ્ટ્રના કોલ્હાપુરમાં કેટલાક કટ્ટરવાદી તત્વો દ્વારા એક ચર્ચ પર હુમલો કરવામાં આવ્યો હતો.ચર્ચમાં પ્રાર્થના ચાલી રહી હતી ત્યારે આ હુમલો કરાયો હતો.જેમાં ૧૨ લોકો ઘાયલ થયા હતા.કર્ણાટકના કોવાડ ગામે ભીમસેન ચવાણના ઘર પર સન્ડે માસનું આયોજન થયું હતું.અને ત્યાં ૩૦ થી ૪૦ જેટલા લોકો પ્રાર્થના કરી રહ્યા હતા.બપોરે થયેલા આ હુમલામાં ૧૨ લોકો ઘાયલ થયા હતા. ૧૦-૧૫ હુમલાખોરો બુકાની બાંધીને બાઈક પર આવ્યા હતા અને હાથમાં તલવારો,લોખંડના સળીયા અને કાચની બોટલો સાથે તેમણે હુમલો કર્યો હતો.આ ઘટના પછી સમગ્ર વિસ્તારમાં ભારે તંગદીલી છે. પોલીસે સમગ્ર સ્થિતિ પર ચાંપતી નજર રાખી રહી છે.ઘાયલોને સારવાર માટે હોસ્પીટલે ખસેડાયા હતા.ચર્ચ પર હુમલો કરનારા કટ્ટરપંથી સમુહ સાથે સંકળાયેલા હોવાનું મનાય છે.


**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**

પી.જી.યોગા,ડીએચએમએસ

**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**

એક્સ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એક્સ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર

મો.૯૩૭૬૧ ૦૦૮૯૮

E.mail : drhamparikh@yahoo.co.in

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પુયટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર ક્લાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં : ૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં : ૯૮૯૮૦૭૨૮૮૧

# સરકારી બેન્કોએ મીનીમમ બેલેન્સના નામે રુ.૧૦,૦૦૦ કરોડ ગ્રાહકો પાસેથી સેરવી લીધા

સરકારી બેન્કોએ છેલ્લા સાડા ત્રણ વર્ષમાં રુ.૧૦,૦૦૦ કરોડની રકમ ગ્રાહકો પાસેથી વિવિધ બહાનાઓ હેઠળ સેરવી લીધી છે.આ રકમ સેવિંગ એકાઉન્ટમાં લઘુત્તમ બેલેન્સ ન રાખવા અને એટીએમ વિડ્રોલ પર વસુલ કરાતાં ચાર્જ થકી એકત્ર કરાઇ છે. સરકારે સંસદમાં આપેલા ડેટામાંથી આ માહિતી મળી છે.સંસદમાં પુછવામાં આવેલા સવાલના જવાબમાં આ માહીતી મળી છે.સરકારે કર્હુય કે વર્ષ ૨૦૧૨સુધી માસિક સરેરાશ બેલેન્સ પર સ્ટેટ બેન્ક ચાર્જ વસુલ કરી રહી હતી. પરંતુ ૩૧ માર્ચ,૨૦૧૬ પાછી આ બંધ કરી દેવાયું હતું.જો કે ખાનગી બેન્કો સહિત અન્ય બેન્ક પોતાના બોર્ડના નિયમો મુજબ આ ચાર્જ વસુલ કરી રહ્યા છે. એસબીઆઇએ પહેલી એપ્રિલ ૨૦૧૭થી આ વધારાનો ચાર્જ વસુલ કરવાનું શરુ કરી દેવાયું છે.જો કે પહેલી ઓક્ટો. મિનીમમ બેલેન્સમાં રાખવામાં આવેલી રકમને ઓછી કરી દેવાઇ છે. જો કે બેઝિક સેવિંગ્સ બેન્ક એકાઉન્ટસ અને જન-ધન બેન્ક એકાઉન્ટમાં મીનીમમ બેલેન્સ રાખવાની કોઇ જરુર નથી.તેનાથી અલગ જોવામાં આવે તો છેલ્લા સાડા ત્રણ વર્ષમાં સરકારી બેન્કોએ રુ.૧૦,૦૦૦ કરોડ ગ્રાહકોના ખાતામાંથી સેરવી લીધા છે.

આ ઉપરાંત ખાનગી બેન્કોએ પણ આ માર્ગો થકી મોટી રકમ વસુલી લીધી છે.જો કે સરકારના લેખિત જવાબમાં ખાનગી બેન્કો દ્વારા એકત્રીત કરાયેલ રકમનો કોઇ ડેટા મળેલ નથી.નાણાં મંત્રાલયે જણાવ્યુ હતું કે રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડીયાએ બેન્કોને તેમના બોર્ડ મુજબ વિવિધ સેવાઓ પર ચાર્જ વસુલ કરવાની મંજુરી આપી છે. જો કે બેન્કોને નિર્દેશ અપાયો છે કે તેમના ચાર્જ યોગ્ય હોવા જોઇએ.આરબીઆઇએ એવી પણ સુચના આપી છે કે મેટ્રોના છ શહેરો મુંબઇ,નવી દિલ્હી,ચેન્નાઇ, કોલકત્તા, બેંગલુરુ અને હૈદ્રાબાદમાં એક મહિનામાં અન્ય બેન્કોના એટીએમમાંથી ત્રણ ટ્રાંઝેક્શન અને બેન્કના એટીએમમાંથી ઓછામાં ઓછા પાંચ ટ્રાંઝેક્શન મફત કે ફી પછી બેન્ક પોતાના બોર્ડથી મજુર થયેલ નિયમો મુજબ ટ્રાંઝેક્શન દીઠ મહત્તમ રુ.૨૦ની વસુલાત કરી શકશે.જવાબમાં એવું બતાવાયું છે કે સરકારી બેન્કોને પોતાનુ એટીએમ બંધ કરવાની કોઇ યોજના નથી. ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક દિવસોથી એવી ચર્ચાઓએ જોર પકડ્યું છે કે માર્ચ ૨૦૧૯થી સરકારી બેન્કો તેમના ૫૦ ટકા એટીએમ બંધ કરી દેશે

# સવર્ણોને ૧૦ ટકા અનામત બિલનો મામલો સુપ્રીમ કોર્ટમાં

આર્થિક આધારે સવર્ણોને ૧૦ ટકા અનામત આપવાનો મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચી ગયો છે.આમ સંસદના બંનેગૃહોમાં મંજુરીના માત્ર એક દિવસ બાદ જ તેના ભાવિ સાથે આશંકા ઉભી થઇ છે.ક્વોટામાં ૫૦ ટકાની મર્યાદાનો ભંગ કરીને આ બિલ મંજૂર કરાયું છે તેવી દલીલ એક એનજીઓ યુથ ફોર ઇક્વાલીટી નામની સંસ્થાએ બંધારણ સંશોધનને કોર્ટમાં પડકાર્યો છે.તેની અરજીમાં દલીલ કરાઇ છે કે આ સંશોધન સુપ્રીમ કોર્ટના ચુકાદાની વિરુધ્ધમાં છે. અને આર્થિકઆધારે અનામત આપી શકાય નહી.

ઇક્વેલીટી ઓર્ગેનાઇઝેશનના પ્રમુખ કૌશલ કાંતે જણાવ્યુ હતું કે હાલના સ્વરુપમાં ક્વોટાની ટોચની મર્યાદા વધીને ૬૦ ટકા સુધી પહોચી જશે. જે સુપ્રીમના ચુકાદાનો ભંગ કરે છે.સંસ્થાએ આ બિલ પર સ્ટે મુકીને તેને રદ કરવાની માંગણી કરી છે.કેમકે તે બંધારણના મુળ માળખાના ભંગ સમાન છે.આર્થિ માપદંડ અનામત માટે એકમાત્ર આધાર ન બની શકે.


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટ્યુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# સોહરાબુદ્દીન એન્કાઉન્ટર કેસમાં તમામ આરોપીઓ દોષમુક્ત

સોહરાબુદ્દીન શેખ, કૌસરબીબી, અને તેના સહયોગી તુલસી પ્રજાપતિના કથિત બનાવટી એન્કાઉન્ટર કેસમાં સીબીઆઇની કોર્ટે તમામ આરોપીઓને દોષમુક્ત જાહેર કર્યા હતા.ખાસ કોર્ટે ૧૩ વર્ષ બાદ ચુકાદો આપ્યો હતો.અપુરતા પુરાવા અને સાક્ષીઓનું ફરી જવું ધ્યાનમાં લઇને સીબીઆઇ જજે પોતાની દિલગીરી વ્યક્ત કરતાં તમામને નિર્દોષ સાબિત કર્યા હતા.જજ શર્માએ કહ્યુ હતું કે હું લાચાર છું આ કેસમાં જેટલા પુરાવા એકત્રિત કરવામાં આવ્યા છે અને સાક્ષીઓની જુબાની લેવામાં આવી છે તે સંતોષકારક નથી.

એક હકીકત સ્પષ્ટ છે કે સૌહરાબુદ્દીન,કૌસરબીબી,તુલસી પ્રજાપતિ અને બીજા કેટલાક લોકોનું મોત આ કેસમાં નિપજ્યું હોવાનું મનાય છે. પરંતુ સાબિત થતું નથી કે આ બધું કેમ બન્યું. જો કે જ્યારે આ બાબતોને એક કાવતરારુપે ગણવાનો કોર્ટે ઇન્કાર કર્યો હતો.તમામ પુરાવાઓમાં કોઇ દસ્તાવેજી પુરાવાઓ ઉપલબ્ધ બન્યા નથી.આ કેસમાં જેમની સામે આરોપો હતા તે પૈકી અમિત શાહ ભાજપના હાલના અધ્યક્ષ છે. પોલીસ અને રાજનેતાઓ સામે ગંભીર આરોપો હતા પરંતુ તેને સાબિત કરવામાં સીબીઆઇ ઉણી ઉતરી છે.સીબીઆઇના જજે આ ઘટનામાં જે ત્રણ લોકોના જીવ ગયા છે તેમના માટે દિલગીરી વ્યક્ત કરી છે.આ પહેલા આ કેસના જજ લોધાને તમામને નિર્દોષ છોડવા માટે મોટી રકમની ઓફર થઇ હતી.જેમણે દિલગીરી વ્યક્ત ના કરી અને આખરે તેમને હાર્ટ એટેક આવ્યો.તેઓ ફાની દુનિયા છોડી ગયા.

# સવર્ણોને અનામત આપી છે પણ નોકરીઓ ક્યાં છે? શિવસેના

દેશના સામાન્ય વર્ગના આર્થિક રીતે કમજોર લોકોને ૧૦ ટકા અનામત આપવાના પ્રસ્તાવ સંસદના બેઉ ગૃહોમાં પસાર થઇ ગયા છે. એના એક દિવસ બાદ શિવસેનાએ કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારને સવાલ કર્યો છે કે નોકરીઓ ક્યાં છે ? અને ક્યાંથી આવશે ? શિવસેનાએ આ સાથે ચેતવણી આપી છે કે જો આ ચુંટણી વર્ષની ચાલ છે તો મોંઘી સાબિત થશે. શિવસેનાએ વધુમાં કહ્યુ કે મરાઠા સમુદાયને મહારાષ્ટ્રમાં અનામત અપાઇ છે પરંતુ સવાલ હજુ એ યથાવત છે કે નોકરીઓ ક્યાં છે ?

શિવસેનાએ પોતાની પાર્ટીના મુખપત્ર સામનાના એક તંત્રી લેખમાં કહ્યું છે કે જ્યારે સત્તામાં બેઠેલા લોકો રોજગારી અને ગરીબી બંને મોરચે નિષ્ફળ થાય છે ત્યારે તે અનામતનું કાર્ડ ખેલે છે.

# કોફી વિથ કરણ ચેટ શોમાં મહિલા વિરુધ્ધ કોમેન્ટને કારણે હાર્દિક અને રાહુલ મેચમાં રમવા સામે પ્રતિબંધ મુકાયો

ટીવી પર આવતા એક ચેટ શોમાં મહીલાઓ માટે અભદ્ર ટીપ્પણી કરવાનું ભારતીય ક્રિકેટર હાર્દિક પંડ્યા અને લોકેશ રાહુલને ભારે પડ્યું છે.બીસીસીઆઇની કમિટિએ બંને ખેલાડીઓને ઓસ્ટ્રેલીયામાં રમાઇ રહેલી વનડે મેચમાં પ્રતિબંધ મુક્યો છે.કોફી વિથ કરણ નામના ચેટ શોમાં ટીમ ઇન્ડીયા ના ઓલ રાઉન્ડર હાર્દિક પંડ્યા અને લોકેસ રાહુલ મહિલાઓ માટે અભદ્ર ટિપ્પણી કરી હતી. એ પછી આ બંન્ને ખેલાડીઓને શોકોઝ નોટીસ આપવામાં આવી હતી.

જો કે સોશ્યલ મીડીયામાં સમગ્ર મામલો છવાઇ જતાં હાર્દિક પંડ્યો લોકોની માંફી માંગી હતી.જો કે તેણે પોતાના માતાપિતા ખુલ્લુ મન ધરાવતા હોવાનું જણાવીને તેમને પણ નીચાજોણું કરાવ્યું છે.પરિણામે આ બંને ખેલાડીઓ સામે શિક્ષાત્મક પગલાં લેવાયા છે.અને ઓસ્ટ્રેલીયામાં ટીમના સભ્યોએ આ બે ખેલાડીઓની કમીથી ટીમને તેની કોઇ અસર થશે નહીં તેવું પણ જણાવ્યુ છે.હવે આ ખેલાડીઓની કારકીર્દીમાં એક પ્રશ્નાર્થ જરુરથી સર્જાશે.

તેમની પસદંગી આગળની મેચોમાં થશે કે કેમ તે એક સવાલ બની ગયો છે.તેમનું ભવિષ્ય રોળાઇ જાય તો નવાઇ નહી લાગે.

## જાણવા જેવું

ફ્રાંસના વિલિયમ પોસ્ટલના ૧૨૦ વર્ષની ઉંમરે મુછના વાળ કાળા હતા.યુનાનના વૈદ ગેલન ૧૪૦ વર્ષ જીવ્યા હતાય

ડેમન્ડની એક અમીરજાદી ૧૪૦ વર્ષ જીવી હતી.ત્રણ વખત પડી ગયેલા દાંત પાછા આવ્યા હતા.

ગ્રીસના તત્વજ્ઞાની ઝેનોએ, પોતાના સ્વમાન ખાતર બે દાંત વચ્ચે જીભ કાપી નાંખી, રાજા ઉપર ફેકી હતી.

ચીલીમાં આવેલા અટકામાના રણમાં છેલ્લા ચારસો વર્ષથી એક પણ ટીપું વરસાદનું પડ્યું નથી.


કાર ભાડે મળશે



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે



★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિધાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૨૫૩૮૩૩૨૨


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.